# (સંયુક્ત રાષ્ટ્ર) સભામાં થયેલ કાર્યવાહીનું સરળ ભાષામાં વર્ણન

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો બાબતે મળેલ સંમેલન દરમ્યાન થયેલ કાર્યવાહી અંગેની સંક્ષિપ્ત માહિતી અહીં સરળ ભાષામાં વર્ણવવામાં આવી છે.સંપુર્ણ માહિતી મેળવવા માટે અહીં જણાવ્યા પ્રમાણેની વેબ સાઈટનો સંપર્ક શાધી શકો છોઃ **http://www.un.org/esa/socdev/enable/rights/convtexte.htm**

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો બાબતે ન્યુઝીલેન્ડ સરકારે વર્ષ ૨૦૦૪ દરમ્યાન સંમેલનના મુસદ્દા બાબતે તૈયાર કરેલ અહેવાલની કાર્યકારી જુથે કરેલી તપાસના સારાંશને સ્વીકારીને તેના આધારે આ માહિતી રજુ કરી છે.

## આમુખ કે પુર્વભૂમિકા

૧. સંયુક્ત રાષ્ટ્રના પાયાના મુળભુત દસ્તાવેજોમાં જણાવ્યા પ્રમાણે આપણે સૌ એક સમાન છીએ અને આપણે સૌ એક માનવ કુટૂંબના સભ્યો છીએ. વૈશ્વિક સ્વાતંŽતા, સાનુકુળતા અને શાંતિ માટે તે ઘણું મહત્વનું છે.

૨. આપણે સૌ એક સમાન છીએ અને આપણે સૌ માનવ અધીકારો ધરાવીએ છીએ.

૩. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ બધાજ માનવ અધિકારો તેમજ મુળભુત સ્વતંŽતાઓ ભોગવી શકે તથા તેમના પ્રત્યે કોઇ ભેદભાવ દાખવવામાં ન આવે તે બાબતે આપણે સૌ સહમત છીએ.

૪. માનવ અધિકારોનું સમર્થન અને સંરક્ષણ કરતાં આવાં અન્ય સાત આંતરરાષ્ટ્રિય કરારો છે.

૫.આપણે સૌ એ વાત બરોબર સમજીયે છીયે કે વિકલાંગતા તે એક એવી બાબત છે કે જે હંમેશાં બદલાતી રહે છે અને વાતાવરણ તેમજ લોકોના મનોવૃત્તિઓ કે વલણો વિકલાંગતા સર્જે છે.

૬. જ્યારે નિશ્ચિત નિયમો અને કાર્યલક્ષી વૈશ્વિક કાર્યક્રમ દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કાયદા, નિયમો, નિર્ણયો, કાર્યક્રમો તથા વ્યવહાર-વર્તન વધારે સારા બનાવવાના પ્રયત્નો કરવામાં આવે છે ત્યારે તેના દ્વારા શું મેળવવાની ઇચ્છા ધરાવે છે તે ધ્યાનમાં રાખવું ઘણું મહત્વનું છે.

૭. જ્યારે સરકારો અને આંતર રાષ્ટ્રિય સંસ્થાઓ એક દેશના વિકાસ અને વૃધ્ધિ માટેના લોકોની ગરીબાઇ દુર કરવી કે તેમને રોજગાર પુરો પાડવો વિગેરે જેવા આયોજનો ઘડતા હોય ત્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ગણના કરવામાં આવે તેની ચોકસાઇ રાખવી તે ઘણુંજ મહત્વનું છે.

૮. આપણે સમજીએ છીએ કે જ્યારે કોઇ વ્યક્તિ વિકલાંગતા ધરાવતી વ્યક્તિ પ્રત્યે ભેદભાવ ધરાવે છે ત્યારે તે એક માનવી તરીકેના તેમના માન મરતબા અને મુલ્યોથી તેમને વંચીત રાખે છે.

૯. આપણે બધા એ પણ સમજીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વચ્ચે ઘણા તફાવતો છે અને વિકલાંગતાઓના ઘણાં પ્રકાર છે.

૧૦. જેમને વધારાની સહાયની જરુર છે તેવી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સહીત વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓને તેમના હક્કો મળવા જોઇએ તે પણ આપણે સારી રીતે જાણીએ છીએ.

૧૧. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કોનું રક્ષણ કરવા માટેના કરારો થયેલા છે તેમ છતાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો હજુ પણ ડુબાડવામાં આવે છે તે હકીકતથી આપણે ચિંતીત છીએ.

૧૨. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જિંદગી વધારે સારી બનાવવા માટે ખાસ કરીને ગરીબ દેશો એક બીજા સાથે મળીને કામ કરે તે ઘણુંજ મહત્વનું છે તે આપણે જાણીએ છીએ.

૧૩. જો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સંપુર્ણપણે સમાવેશ કરવામાં આવે અને તેમને તેમના બધાજ હક્કો આપવામાં આવે તો તેઓ પણ તેમના દેશની પ્રગતિમાં સારું યોગદાન પુરું પાડી શકે છે તે આપણે સમજીએ છીએ.

૧૪. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમના પોતાના નિર્ણયો જાતે લેવાની સ્વતંŽતા હોય તે ઘણું મહત્વનું છે તે આપણે સમજીએ છીએ.

૧૫. અપણે એવું માનીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ખાસ કરીને સીધી તેમના સંબંધિત હોય તેવી નિતીઓ અને કાર્યક્રમો ઘડવાની પ્રક્રીયામાં ખાસ સામેલ કરવા જોઇએ.

૧૬. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે માŽ તેમની વિકલાંગતાઓના કારણે જ ભેદભાવ રાખવામાં આવતો નથી પરંતુ નાત, જાત, જાતિ વિગેરે કે અન્ય બીજા ઘણા કારણોના લીધે પણ ભેદભાવ રાખવામાં આવે છે તેથી આપણે વધારે ચિંતીત છીએ.

૧૭. આપણે સમજીએ છીએ કે ઘણી વખત વિકલાંગતા ધરાવતી સ્Žીઓ તેમજ બાળકો સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે, તેમને મારવામાં આવે છે,ગાળો ભાંડવામાં આવે છે કે તેમનો દુર ઉપયોગ કરવામાં આવે છે.

૧૮. આપણે સમજીએ છીએ કે વિકલાંગતા ધરાવતા બાળકો અન્ય બાળકો જેવા અને જેટલા હક્કો ધરાવે છે તેમજ બાળ હક્કો માટેનો આંતરરાષ્ટ્રીય કરાર તેમને માટે પણ લાગુ પડે છે.

૧૯. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેના માનવ અધિકારો માટે એક દેશ જ્યારે કંઇ પણ કરતો હોય ત્યારે સ્Žીઓની તેમજ પુરુષોની એમ બન્નેવ પરિસ્થિતીઓને પણ ધ્યાનમાં રાખે તે ઘણું જ મહત્વનું છે.

૨૦. વિકલાંગતા ધરાવતી મોટા ભાગની વ્યક્તિઓ ગરીબાઇ હેઠળ જીવે છે અને તેના કેવા પરિણામો આવે છે તે શોધવાનું યાદ રાખવું તે ઘણું મહત્વનું છે.

૨૧. આપણે એ ધ્યાનમાં રાખીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમના હક્કો મેળવી શકે તે માટે શાંતિ અને સુરક્ષા જળવાય. ખાસ કરીને યુધ્ધ ગ્રસ્ત વિસ્તારોમાં અથવા એવા દેશોમાં કે જ્યાં જે તે દેશનો વહિવટ જે તે દેશની સરકાર જાતે ચલાવતી નથી.

૨૨. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સારી તંદુરસ્તિ ભોગવવી, શાળામાં જવું, તેમને જરુરી લાગે તેવી માહિતી મેળવવી વિગેરે જેવા તેમના જીવનના બધાજ પાસાઓનો આનંદ લઇ શકે તે માટે તેઓ બધાજ હક્કો ભોગવી શકે તે કેટલું અગત્યનું છે તે વાત આપણે સમજીએ છીએ.

૨૩. આપણે સમજીએ છીએ કે દરેક બીજી વ્યક્તિ તેના હક્કો ભોગવી શકે તે જોવાની આપણામાંથી દરેક વ્યક્તિની પણ ફરજ છે.

૨૪. અપણે એવું માનીએ છીએ કે સમાજમાં કુટુંબ તે એક મોટું જુથ છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમજ તેમના કુટુંબો જ્યારે તેમના હક્કો ભોગવતા હોય ત્યારે તેમને જરુરી સલામતિ અને મદદ મળી રહેવી જોઇએ.

૨૫. આપણે એવું માનીએ છીએ કે પછાત તેમજ શ્રીમંત દેશોમાં આ કરાર કે જેની અંતર્ગત જિવનના બધાજ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તે, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જિવનને વધારે સારું બનાવશે અને તેમની સાથે એક સમાન વ્યવહાર કરશે તેમજ જિવનના બધાજ પાસાઓ અંતર્ગત એક સરખી રીતે જ તેમનો સમાવેશ કરશે કારણકે કરારમાં જણાવ્યા પ્રમાણે,નીચે જણાવ્યા પ્રમાણેની બધિજ બાબતો સાથે સહમત થવાનું જે તે દેશોએ નક્કી કર્યું છે.જે તે દેશ તે કરારનો એક ભાગ છે.

## કલમ– ૧: ઉદ્દેશ

આ કરાર ઘડવાનું કારણ એ છે કે આ કરારનો સ્વીકાર કરનાર બધાજ દેશો કે જેમને હવે પછી આ દસ્તાવેજમાં "દેશો" તરીકે ઓળખવામાં આવશે, તે નીચે જણાવ્યા પ્રમાણેની બાબતોની ચોકસાઇ રાખશે.

- વિકલાંગતા ધરાવતી બધીજ વ્યક્તિઓ બધાજ માનવ અધિકારો અને સ્વતંŽતાઓ ભોગવી શકે, તેનું સમર્થન કરી શકે તથા તેઓ સુરક્ષીત રહી શકે.
- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના ગૌરવ, પ્રતિષ્ઠાને માન આપવામાં આવે.

શારીરિક, સામાજિક–માનસીક, બુધ્ધિજન્ય તેમજ વલણ, વર્તન, ભાષા,નિસરણી તથા કાયદાઓ કે જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાજમાં થતા સમાવેશને અટકાવતી હોય કે તેના જેવા કારણોના લીધે સર્જાતી હોય તેવી લાંબા ગાળાની નિર્બળતાઓ, ક્ષતીઓ ધરાવતા લોકોનો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અંતર્ગત સમાવેશ થાય છે.

## કલમ– ૨: વ્યાખ્યાઓ

- **સંદેશા–વ્યવહાર :**

સંદેશા–વ્યવહારનો અર્થ માહિતી વિગેરેનું આદાન–પ્રદાન કરવા માટેના બધાજ રસ્તાઓ એવો થાય છે કે જેથી બધીજ વ્યક્તિઓ પોતાની વાતો એક બીજાને કહી શકે.ઉદાહરણ તરીકે; બોલાતી ભાષા, સાંકેતીક ભાષા, લેખીત વર્ણન, બ્રેઇલ,સ્પર્ષ, મોટા અક્ષરોવાળું લખાણ,લેખીત કે સાંભળવાની કેસેટો, સરળ ભાષા, વાંચનાર વ્યક્તિ તથા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જે રીતે માહિતીની આપ–લે કરતા હોય તેવી અન્ય બીજી રીતો.

- ભાષા:

ભાષાનો અર્થ બોલાતી, સાંકેતીક કે નહીં બોલાતી એવી બધા પ્રકારની અન્ય ભાષાઓ એવો થાય છે.

- વિકલાંગતાના આધારે ભેદભાવ:

જ્યારે કોઇ વ્યક્તિની વિકલાંગતાના કારણે તેનો બહિષ્કાર કરવામાં આવે કે તેમને કોઇ કામ કરતા રોકવામાં આવે ત્યારે તેને વિકલાંગતાના આધારે દાખવવામાં આવતા ભેદભાવ તરીકે ઓળખવામાં આવે છે.તે જિંદગીના દરેક પાસાંઓમાં આવરી લેવામાં આવે છે.

- **વ્યાજબી અનૂકુલન – સુમેળ – સુવિધા – રીઝનેબલ એકોમોડેસન:**

વ્યાજબી અનૂકુલન–સુમેળ–સુવિધાનો અર્થ એક વ્યક્તિને કંઇક બદલાવની જરુર પડી શકે છે તેવો થાય છે..જેમકે તેમનું રહેઠાણ કે કામ કરવાનું સ્થળ કે જેથી તેઓ તેમના હક્કો ભોગવી શકે. જો તે ઘણુંજ મોંઘુ કે મુશ્કેલ હોય તો તેઓ આવી સવલતો મેળવી શકે નહીં.

- સર્વ સામાન્ય ઢાંચા કે રુપરેખા – યુનિવર્સલ ડીઝાઇન:

સર્વ સામાન્ય ઢાંચા કે રુપરેખાનો અર્થ એવો થાય છે કે, બનાવવામાં આવતા બધાજ ચીજ વસ્તુઓ, કાર્યક્ર મો કે સ્થળો એવી રીતે બનાવવામાં આવે કે તેનો ઉપયોગ બધીજ વ્યક્તિઓ એક સરખી રીતે કરી શકે. ઘણી વખત ઘણી જગ્યાઓ એવી હોય છે કે તેનો ઉપયોગ કોઇ ખાસ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિ કરી શકે તે માટે તેમાં તેવી ખાસ પ્રકારની સગવડો ઉભી કરવાની જરુર પડે છે કે જેથી તેઓ તેમના અધિકારો ભોગવી શકે.

## કલમ- ૩: સામાન્ય સિધ્ધાંતો

આ કરાર નીચે જણાવ્યા પ્રમાણેના સામાન્ય સિધ્ધાંતો બાબતે છે.

- માન મરતબો- પ્રતિષ્ઠા
- પસંદ કરવની ક્ષમતા - શક્તિ
- સ્વતંŽતા
- ભેદભાવ રહિતતા
- સહભાગિતા
- સંપુર્ણ સમાવેશ
- તફાવત માટે આદરભાવ
- દૈનીક જિવનના ભાગ રુપે વિકલાંગતાનો સ્વીકાર
- તકની સમાનતા
- સુલભપણું સુગમતા, ઉપલબ્ધિ
- સŽી અને પુરુષની સમાનતા
- બાળકો માટે આદર

## કલમ- ૪: સામાન્ય જવાબદારીઓ - જનરલ ઓબ્લીગેસન્સ

૧. બધા 'દેશો' એ વાતની ખાŽી ઉચ્ચારે છે કે વિકલાંગતાના કારણે કોઇ ભેદભાવ રાખ્યા વગર બધીજ વ્યક્તિઓ બધાજ માનવઅધિકારો એક સરખી રીતે ભોગવી શકશે.આ વચન બધ્ધતા નિભાવવા માટે તેઓ નીચે જણાવ્યા પ્રમાણેના પગલા ભરશે.

ક: આ કરારમાં જણાવ્યા પ્રમાણેના હક્કોને જે તે દેશોમાં કાયદાનું સ્વરુપ આપવા માટે, નીતિઓ બનાવવા માટે તથા તેનો અમલ કરાવવા માટે જે કંઇ કાર્યવાહી કરવાની જરુર પડે તે કરશે.

ખ: પગલાં લો.ઉદાહરણ તરીકે; નવા કાયદાઓ અને નિયમોનો સ્વીકાર કરો.જ્યાં જરુર જણાય ત્યાં જુના કાયદાઓ અને નિયમોમાં ફેરફાર કરો. તેમાં સુધારા કરો.અન્ય કાયદાઓમાંથી છુટકારો મેળવો અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે દાખવવામાં આવતા ભેદભાવને દુર કરો.

ગ: બધાજ નીતિઓ અને કાર્યક્રમોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના માનવ અધિકારોનો સમાવેશ થાય તેની ચોકસાઇ રાખો.

ઘ: કરારમાં દર્શાવેલી માહિતીનું સમર્થન ન કરતી હોય તેવી બાબતોનો અમલ ન કરો.અન્ય લોકો આ કરારનો આદર કરે તેની ચોકસાઇ રાખો.

ચ: વિકલાંગતા ધરાવતી એક વ્યક્તિ પ્રત્યે તેની વિકલાંગતાના કારણે જો કોઇ વ્યક્તિ દ્વારા કે સંસ્થાઓ કે ધંધાના સ્થળૌએ ભેદભાવ દાખવવામાં આવતો હોય તો તે બંધ કરો.

છ: સમગ્ર દુનિયામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જેનો ઉપયોગ કરી શકે તેવા ઉત્પાદનો, સેવાઓ, સાધનો તથા સવલતો શક્ય તેટલા કિફાયતી ભાવે તેમને મળી રહે તે માટે પ્રયત્નો કરો અને તેને ઉત્તેજન આપો.

જ: સમગ્ર દુનિયામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે તેમના જિવનના દરેક પાસાઓમાં ઉપયોગી હોય તેવી ટેકનોલોજી શક્ય તેટલા કિફાયતી ભાવે તેમને મળી રહે તે માટે પ્રયત્નો કરો અને તેને ઉત્તેજન આપો.

ઝઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સમજી શકે તેવી ટેકનોલોજીઓ તેમજ અન્ય પ્રકારોની મદદ સહિતની બધા પ્રકારની મદદ તેમને પુરી પાડો.

ટઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે આ કરારમાં દર્શાવેલા હક્કો બાબતે કામ કરતા લોકોને તાલીમો આપો કે જેથી આવા લોકો તેમના માટે વધારે સારી રીતે કામ કરી શકે.

૨. 'દેશો', તેમની પાસે જે સંસાધનો ઉપલબ્ધ છે તેનો ઉપયોગ કરીને આર્થિક,સામાજિક તથા સાંસ્કૃતિક હક્કો સંબંધિત કાયદાઓ અને નિયમોને શક્ય તેટલા વધારે વ્યવહારમાં મુકશે. જો જરુર પડે તો આવા કાયદાઓને અમલમાં મુકવા માટે તેઓ અન્ય દેશોની મદદ લઇ શકે છે.અન્ય બધાજ હક્કો સિધા જ વ્યવહારમાં મુકાવા જોઇએ.

૩. જે તે 'દેશો' જ્યારે આ કરાર બાબતે કાયદાઓ અને નિયમો ઘડે ત્યારે તે, વિકલાંગતા ધરાવતા બાળકો સહીતની વિકલાંગતા ધરાવતિ વ્યક્તિઓ માટે કામ કરતી સંસ્થાઓ દ્વારા તેમની સાથે વાત કરશે, તેમને તેમાં સામેલ કરશે.

૪. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો બાબતે જ્યાં વધારે સારા કાયદા અને નિયમો અમલમાં હશે ત્યાં તેવા સંજોગોમાં આ કરારની કોઇ અસર તેની ઉપર પડશે નહીં. જે તે 'દેશો' હાલમાં અસ્તિત્વમાં છે તેવા માનવ અધિકારોનો અમલ નહીં કરવા માટે આ કરારનો એક બહાના તરીકે કોઇ પણ સંજોગોમાં ઉપયોગ કરી શકશે નહીં.

૫. કોઇ પણ દેશ આ કરારનો સમગ્રપણે અમલ કરશે.

## કલમ– ૫ઃ સમાનતા અને ભેદભાવ રહીતતા

૧. બધા 'દેશો' એ વાતે સહમત થાય છે કે કાયદા સમક્ષ વિકલાંગતા ધરાવતી બધીજ વ્યક્તિઓ એક સમાન છે અને કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર તેમને કાયદાઓ અંતર્ગત રક્ષણ મળે છે.

૨. બધા 'દેશો' એ વાતે સહમત થાય છે કે વિકલાંગતાના કારણે કોઇ પણ પ્રકારનો ભેદભાવ ચલાવી લેવામાં આવશે નહીં અને જો આવો કોઇ ભેદભાવ દાખવવામાં આવશે તો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેની સામે રક્ષણ પુરું પાડવામાં આવશે.

૩. જો વિકલાંગતા ધરાવતી કોઇ વ્યક્તિ તેના હક્કો ભોગવવા માટે તેના વાતાવરણમાં બદલાવ લાવવાની ઇચ્છા ધરાવતી હશે તો, 'દેશો' તેવા બદલાવ માટે જરુરી પગલાં ભરશે અને એ વાતની ચોકસાઇ રાખશે.

૪. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અન્ય વ્યક્તિઓની સમકક્ષ બની શકે તે માટે વિશેષ પગલાં કે જરુરી પગલાં લેવાની મંજુરી આપવામાં આવે છે.આવો વિશેષ વ્યવહાર વિકલાંગતા નહીં ધરાવતા લોકો માટે ભેદભાવ તરીકે ગણાશે નહીં.

## કલમ– ૬ઃ વિકલાંગતા ધરાવતી સ્Žીઓ

'દેશો' નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દાઓ સાથે સહમત થાય છે.

- વિકલાંગતા ધરાવતી સ્Žીઓ અને છોકરીઓએ બધાજ પ્રકારના બહિષ્કારોનો સામનો કરવો પડે છે.'દેશો'એ એક વાતની ચોકસાઇ રાખવી પડશે કે વિકલાંગતા ધરાવતી સ્Žીઓ અને છોકરીઓ તેમના માનવ અધિકારો તથા સ્વતંŽતાઓ એક સરખા ધોરણે અને સંપુર્ણપણે ભોગવી શકે.
- સ્Žીઓના વૃધ્ધી વિકાસ અને તેમના સશક્તિકરણને સહયોગ પુરો પાડવા માટે દેશોએ પગલાં ભરવા પડશે અને વિકલાંગતા ધરાવતી સ્Žીઓ તેમના હક્કો સંપુર્ણપણે ભોગવી શકે તે માટે ખાŽી આપવી પડશે.

## કલમ– ૭ઃ વિકલાંગતા ધરાવતા બાળકો

'દેશો' નીચે જણાવ્યા પ્રમાણેના પગલા ભરશે.

• એ વાતની ચોકસાઇ રાખવી પડશે કે વિકલાંગતા ધરાવતા બાળકો, અન્ય બાળકો જેટલાજ અને જેવાજ હક્કો ધરાવે છે.

• 'દેશો', જ્યારે બાળકો માટે કંઇ પણ કરતા હોય ત્યારે, તે સંબંધિત કોઇ પણ પ્રવૃત્તિ ઉત્તમ કક્ષાની થાય તેની કાળજી રાખશે અને તેને પ્રાથમિકતા આપશે.

• વિકલાંગતા ધરાવતા બાળકોને તેમનો મત જણાવવાનો અધિકાર છે અને તેમના મતની ગણŽી થવી જોઇએ તેની ચોકસાઇ રાખો. વિકલાંગતા ધરાવતા બાળકોને તેમનો મત જણાવવા માટે જે કંઇ મદદની જરૂર પડે તે પુરી પાડવી.

## કલમ- ૮: જન જાગૃતિ વધારવી

૧: દેશો કોઇ પણ પ્રકારની ઢીલ રાખ્યા વગર નીચે જણાવેલા મુદ્દાઓ બાબતે કામગીરી હાથ ધરવા માટે સહમત થાય છે.

અ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેના વિષે સમાજને વધારે જાગૃત કરો. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો અને ગૌરવ જળવાય તે માટે તેઓ પ્રયત્નો કરશે.

બ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે સમાજમાં લોકોએ એક સરખા બાંધેલા પુર્વગ્રહોને દુર કરવા માટે પુષ્કળ પ્રયત્ન કરો. આવા એક સરખા પુર્વગ્રહો એટલે સમાજમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અંગે લોકો જે ખોટી માહિતી કે ગેર માન્યતાઓ ધરાવે છે તે. આવી ખોટી માન્યતાઓ ઘણી વખત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે નુકશાનકારક પુરવાર થાય છે અને તેના કારણે તેમના પ્રત્યે ભેદભાવભર્યું વર્તન દાખવવામાં આવે છે.

ક: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ક્ષમતાઓ બાબતે અને તેઓ એક દેશના વિકાસમાં કેવી રીતે મદદરુપ બની શકે તે બાબતે સમાજમાં જન જાગૃતી જગાવશે.

૨: દેશો નીચે જણવેલી બાબતો પ્રત્યે પણ ધ્યાન આપશે.

અ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો બાબતે નીચે જણાવેલા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેર ચળવળો ચલાવશે.

• વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને સામાન્ય વ્યક્તિઓ એક સરખાજ હક્કો ધરાવે છે તેમ બતાવો.

•સમાજ કે સમુદાયમાં વિકલાંગતા બાબતે માહિતી પુરી પાડવી અને તેમના વિષેની ગેરસમજોને દુર કરવી.

•વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ કામના સ્થળને વધારે સારું કેવી રીતે બનાવી શકે તે બાબતે જાણ કરો.

બ: શાળાઓ તથા શિક્ષણ આપતી અન્ય સંસ્થાઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કોને માન-આદર પુરું પાડતા શીખવાડે તેની ચોકસાઇ રાખશે.

ક: રેડીઓ, ટેલીવીઝન, દૈનીક પŽો તથા સામઇકો જેવા પ્રચાર પ્રસાર માધ્યમોને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કોનું સમર્થન કરતી છબી વિકસાવવામાં મદદરુપ બનવા માટે માટે ઉત્તેજન પુરું પાડશે.

ડ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો બાબતે લોકોને જાગૃત કરવામાં મદદરુપ બનવા માટે જરુરી તાલીમ કાર્યક્રમોને સમર્થન આપશે.

## કલમ- ૯: ઉપલબ્ધી-સુગમતા- એક્સેસીબીલીટી

૧: 'દેશો'; વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શહેરોમાં, ગામડાઓમાં તથા અન્ય સ્થળોએ ઇમારતો કે મકાનોમાં પ્રવેશ મેળવવામાં, બહાર, બગિચા વિગેરેમાં તથા વાહનોમાં પ્રવેશ મેળવવામાં પડતી મુશ્કેલીઓ કે અંતરાયોને દુર કરશે. આમ થવાથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમનું જિવન

સંપુર્ણપણે અને સ્વતંŽપણે જીવી શકશે.તે માટે તેઓ કાયદાઓ ઘડશે અને નીચેની બાબતોને અમલમાં મુકશે.

અઃ ઇમારતો,રસ્તા,વાહનવ્યવહાર,ઘરની અંદર કે બહાર જેમકે; શાળાઓ,મકાન, દવાખાનાં,આરોગ્ય કેન્દ્રો તથા કામના સ્થળો, વિગેરે.

બઃ માહિતી,સંદેશા-વ્યવહાર તથા અન્ય જેમકે, ઇલેક્ટ્રોનીક સાધનો તથા સંકટકાળની સેવાઓ.

૨ઃ 'દેશો' નિચે જણાવેલી બાબતોએ પણ પગલાં ભરશે.

કઃ જાહેર જનતા માટે ખુલ્લા હોય તેવા સ્થળો, સવલતો,ઉપલબ્ધીઓનું નિર્માણ કરશે, યોગ્ય રીતે જાળવશે અને તેના ઓછામાં ઓછા ધારાધોરણતો જળવાયજ તેની તકેદારી રાખશે.

ખઃ જાહેર જનતા માટે ખુલ્લા હોય તેવા ધંધા રોજગારના સ્થળો તથા સંસ્થાઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પણ ઉપલબ્ધ હોય તેની ચોકસાઇ રાખશે.

ગઃ જ્યારે ઉપલબ્ધીની વાત આવે ત્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શેની જરુર છે તે બાબતે ઉપલબ્ધીને લગતા પ્રશ્નો માટે કામ કરતી વ્યક્તિઓને તાલીમ આપશે.

ઘઃ મકાનો, ઇમારતોમાં જરુરી માહિતી બ્રેઇલ લીપીમાં તથા અન્ય સાંકેતીક ભાષામાં સમજવામાં સહેલી પડે તેવી સરળ ભાષામાં લખશે.

ચઃ જાહેર ઇમારતો, બિલ્ડીંગોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રવેશ મેળવી શકે તે માટે વાચક, સાંકેતીક ભાષાનું અર્થઘટન કરી શકે તેવા દુભાષીયા તથા માર્ગદર્શક કે સલાહકાર જેવી મદદ પુરી પાડશે.

છઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જરુરીયાત મુજબની અન્ય પ્રકારની મદદ પુરી પાડશે કે જેથી તેઓ તેમને જરુરી હોય તેવી માહિતી મેળવી શકે.

જઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ નવી ટેકનોલોજી મેળવી શકે તે માટે સમર્થન પુરું પાડશે.

ઝઃ જ્યારે નવી ટેકનોલોજી શોધતા અને સર્જતા હોઇએ ત્યારે આવી ટકનોલોજી કીફાયતી ભાવે મળી રહે તેની ચોકસાઇ રાખશે.

## કલમ- ૧૦ઃ જિવનનો અધિકાર

બધા દેશો એ વાતે સહમત થાય છે કે,વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જિવન જીવવાનો અધિકાર છે અને આવી વ્યક્તિઓ આ અધિકારનો ઉપયોગ કરી શકે તેની ચોકસાઇ 'દેશો' રાખશે.

## કલમ- ૧૧ઃ જોખમ અને માનવલક્ષી સંકટોની પરિસ્થિતિ

- બધા દેશો એ વાતે સહમત થાય છે કે,યુધ્ધ કે માનવ અધિકારો કે અન્ય સંકટોના સમય બાબતે જે અન્ય કરારો સાથે તેઓ સહમત થયા છે તેનો આદર કરશે.
- 'દેશો', યુધ્ધની પરિસ્થિતિ, અણધારી આફતો કે અન્ય સંકટકાળના સમયે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં ભરશે.

## કલમ- ૧૨ઃ એક વ્યક્તિ તરીકે કાયદા સમક્ષ એક સમાન હોવાની માન્યતા

બધા 'દેશો' આ બાબતે નીચે જણાવ્યા પ્રમાણેના પગલાં ભરશે.

૧ઃ 'દેશો' એ વાતે સહમત થાય છે કે કાયદા સમક્ષ એક વ્યક્તિ તરીકેની માન્યતા મેળવવાનૌ અધિકાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ધરાવે છે.

૨ઃ 'દેશો' એ વાતે સહમત થાય છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને અન્ય સામાન્ય વ્યક્તિઓ તેમના જિવનના બધાજ પાસાઓને અનુલક્ષીને કાયદાકીય બાબતોમાં એક સરખાંજ સક્ષમ છે.

૩ઃ 'દેશો' એ વાતે સહમત થાય છે કે તેઓ જો વિકલાંગતા ધરાવતી એક વ્યક્તિને કોઇ કાયદાકીય પ્રશ્નોને અનુલક્ષીને કોઇ મદદની જરુર પડે તો તેમને આવી મદદ મળી શકે અને તે માટે તેમને જરુરી સમર્થન મળશે તે વાતની ચોકસાઇ રાખશે.

૪ઃ 'દેશો' એ વાતે સહમત થાય છે કે જ્યાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કાયદાકીય તેમજ આર્થિક બાબતોમાં સમર્થનની જરુર પડશે ત્યાં તેઓ નીચે જણાવ્યા પ્રમાણેના પગલાં ભરશે.

કઃ તેઓને થતી કનડગત કે તેમની સાથે કરવામાં આવતા અશિષ્ટ વ્યવહાર સામે તેમને રક્ષણ પુરું પાડવામાં આવશે.

ખઃ તેમના હક્કો અને તેમની પસંદગીઓ પ્રત્યે આદરભાવ રાખવામાં આવશે.

ગઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સમર્થન પુરું પાડનાર વ્યક્તિઓ કે જુથો કોઇ નિર્ણયો લેવા માટે કોઇ દબાણ કરશે નહીં.

ઘઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જ્યારે અને જેટલી મદદની જરુર પડે ત્યારે તેમને તેટલી મદદ પુરી પાડશે.

ચઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને મળેલા સમર્થનનું કોર્ટ મૂલ્યાંકન કરશે.

૫ઃ દેશો નીચે જણાવેલા મુદદાઓએ સહમત થાય છે અને તે બાબતોની ચોકસાઇ રાખશે.

અઃ માલ મીલ્કત મેળવવાનો અધિકાર ધરાવે છે.

બઃ તેમના પૈસા કે અન્ય નાણાંકીય બાબતો ઉપર તેઓ કાબુ જાળવવાનો અધિકાર ધરાવે છે.

કઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અને અન્ય સામાન્ય વ્યક્તિઓને બેન્કમાંથી ધિરાણ મેળવવાનો, ગીરવે મુકવા-લેવાનો કે ઉધાર લેવાનો એક સરખો અધિકાર છે.

ડઃ કોઇ યોગ્ય કારણ વગર તેમની મિલ્કત ઝડપવાનો કોઇને અધિકાર નથી.

## કલમ- ૧૩ઃ ન્યાયની ઉપલબ્ધી

૧ઃ 'દેશો એ વાતની ચોકસાઇ રાખશે કે,ન્યાય તંŽ જે પ્રમાણે અન્ય સામાન્ય લોકો માટે ઉપલબ્ધ છે તે જ પ્ર માણે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પણ ઉપલબ્ધ બની રહેશે.

'દેશો એ વાતની ચોકસાઇ રાખશે કે,જે તે કાયદા હેઠળ જણાવેલી પ્રક્રીયાઓ સ્વીકારાય;કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમાં અસરકારક રીતે સામેલ કરી શકાય. ઉદાહરણ તરીકે શાક્ષી તરીકેની હાજરી.

૨ઃ 'દેશો' ન્યાય તંŽ સાથે કામ કરતા પોલીસ અને જેલના કર્મચારી ગણને આ બાબતે તાલીમ પુરી પાડશે.

## કલમ- ૧૪ઃ સ્વતંŽતા અને સલામતી

૧ઃ 'દેશો' નીચે જણાવ્યા પ્રમાણે કામ કરશે.

અઃ 'દેશો એ વાતની ચોકસાઇ રાખશે કે, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને અન્ય સામાન્ય વ્યક્તિઓ સ્વતંŽતા અને સલામતિના એક સરખ હક્કો ધરાવે છે.

બઃ 'દેશો એ વાતની ચોકસાઇ રાખશે કે, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના આવા હક્કો તેઓ માŽ વિકલાંગ હોવાના કારણે કે કોઇ કારણ વગર કે કોઇ કાયદા વિરુધ્ધ રીતે છીનવાઇ ન જાય.

૨ઃ 'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે જો તેમના આવા હક્કો કે સ્વતંŽતાઓ છીનવાઇ જાય તો તેમને કાયદા હેઠળ રક્ષણ મળશે.તેઓ ઐ વાતની પણ ચોકસાઇ રાખશે કે જો વિકલાંગતા ધરાવતી વ્યક્તિને

તેના માનવ અધિકારો ભોગવવા માટે વાતાવરણ કે સંજોગો જન્ય કોઇ બદલાવની જરુર હોય તો તે પણ પુરાં પાડવામાં આવે.

## કલમ- ૧૫: Žાસ કે જુલમ, ક્રુરતા, અમાનવિય કે માનભંગભર્યો વ્યવહાર કે સજામાંથી છુટકારો

૧: દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે કોઇનેય પણ Žાસ આપવામાં ન આવે કે તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં ન આવે કે તેમને ઘાતકી રીતે કે અમાનવીય કે માનભંગ કરતી રીતે સજા કરવામાં ન આવે. આરોગ્યલક્ષી કે વૈજ્ઞાનિક પ્રયોગોમાં કોઇનો પણ જબરજસ્તિથી ઉપયોગ કરવામાં ન આવે.

૨: 'દેશો', અન્ય સામાન્ય લોકોને જે રીતે Žાસ સામે રક્ષણ પુરું પાડે છે તે જ પ્રમાણે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ રક્ષણ પુરું પાડવા માટે કાયદાઓ પસાર કરવા માટે તથા અન્ય પગલાં લેવા માટે સહમત થાય છે.

## કલમ- ૧૬ઃ શોષણ, હિંસા તથા કનડગત કે અશિષ્ટ વ્યવહારમાંથી મુક્તિ

'દેશો' નીચે જણાવ્યા પ્રમાણે પગલાં ભરશે.

અઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું ઘરમાં કે ઘરની બહાર શોષણ ન થાય કે તેમની સાથે અભદ્ર વ્યવહાર કરવામાં ન આવે તે માટે કાયદા ઘડવા માટે જરુરી પગલાં ભરશે.

બઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના થતા શોષણને અટકાવવા માટે મદદ પુરી પાડીને તેમજ યોગ્ય માહિતી પુરી પાડીને જરુરી પગલાં લેશે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે કરવામાં આવતા અભદ્ર વ્યવહાર સામે તેમને રક્ષણ પુરું પાડશે.

કઃ 'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સેવા માટેના કાર્યક્રમો અને તે માટે કામ કરતી સંસ્થાઓ પ્રત્યે સમયાંતરે લક્ષ સેવવામાં આવે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે કોઇ જોર-જુલમ દાખવવામાં ન આવે કે તેમની સાથે કોઇ અભદ્ર વ્યવહાર કરવામાં ન આવે તે વાતની ચોકસાઇ રાખી શકાય.

ડઃ જો વિકલાંગતા ધરાવતી વ્યક્તિ સાથે કોઇ અભદ્ર વ્યવહાર કરવામાં આવ્યો હોય કે તેમના પ્રત્યે કોઇ જોર-જુલમ દાખવવામાં આવ્યા હોય તો તેના આઘાતમાંથી તેમને બહાર લાવવા માટે તથા સમાજમાં ફરી તેમને સામેલ કરવા માટે યોગ્ય પગલાં ભરશે, સહાય કે સહકાર પુરાં પાડશે.

ઇઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિ સાથે અભદ્ર વ્યવહાર કરનાર કે તેના પ્રત્યે કોઇ જોર-જુલમ દાખવનાર વ્યક્તિ સામે તપાસ કરવા માટે તથા તેને સજા કરવા માટે કાયદાઓ અને નિતીઓ ઘડશે. અવા કાયદાઓ અને નિતીઓમાં બાળકો અને સ્Žીઓની જરુરીયાતોનો પણ સમાવેશ થાય તેની ચોકસાઇ રાખશે.

## કલમ- ૧૭ઃ ઐકતાનું રક્ષણ

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને અન્ય સામાન્ય વ્યક્તિઓ તેમની શારીરીક અને માનસીક સમગ્રતાના સંબંધમાં એક સરખાજ હ્હક્કો ધરાવે છે.

## કલમ- ૧૮ઃ ચળવળ અને રાષ્ટ્રીયતાની સ્વતંŽતા

૧ઃ 'દેશો' એ મુદ્દા સાથે સહમત થાય છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને અન્ય સામાન્ય વ્યક્તિઓને પોતાના દેશમાં ઐક સ્થળેથી બીજા સ્થળે તેમજ એક દેશમાંથી બીજા દેશમાં સ્થળાંતર કરવાનો, તેમણે ક્યાં રહેવું તે પસંદ કરવાનો તથા રાષ્ટ્રીયતા ધારણ કરવાનો એક સરખોજ અધિકાર છે.
વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની બાબતમાં તેઓ નીચે જણાવ્યા પ્રમાણેની ચોકસાઇઓ રાખશે.

અઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ,તેમની રાષ્ટ્રીયતા ધારણ કરવાનો કે બદલવાનો હક્ક ધરાવે છે અને કોઇ ખાસ કારણ વગર કે માŽ તેમની વિકલાંગતાના કારણે તેમની રાષ્ટ્રીયતા કોઇ છીનવી લઇ શકશે નહીં.

બઃ તેમનો પાસપોર્ટ કે તેમની રાષ્ટ્રીયતાની ઓળખ કોઇ ખાસ કારણ વગર કે માŽ તેમની વિકલાંગતાના કારણે છીનવી ન લેવાય અને તેઓ અન્ય દેશમાં સ્થળાંતર કરવાના તેમના પ્રયત્નો ચાલુ રાખી શકે.

કઃ તેઓ તેમનો પોતાનો કે અન્ય કોઇ પણ દેશ છોડી શકે.

ડઃ કોઇ ખાસ કારણ વગર કે માŽ તેમની વિકલાંગતાના કારણે તેમને તેમના પોતાના દેશમાં પ્રવેશતાં રોકી શકાય નહીં.

૨ઃ વિકલાંગતા ધરાવતા બાળકોના જન્મ પછી તર્તજ તેમના જન્મની નોંધણી કરાવવી.નામ ધારણ કરવાનો, રાષ્ટ્રીયતા ધારણ કરવાનો તથા શક્ય હોય ત્યાં સુધી તેમના માતા પિતા કોણ છે તે જાણવાનો તથા તેમનો ઉછેર તેમના માતા પિતા દ્વારા જ થાય તેનો અધિકાર તેઓ ધરાવશે.

## કલમ- ૧૯: સ્વતંŽપણે રહેવું અને સમાજ કે સમુદાયમાં તેમનો સમાવેશ થવો.

'દેશો',એ વાતે સહમત થાય છે કે,વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને અન્ય વ્યક્તિઓ સમાજ કે સમુદાયમાં રહેવાનો, તેમાં તેમના સમાવેશનો તથા તેમાં સહભાગી બનવાનો એક સરખો અધિકાર ધરાવે છે.

તેની અંતર્ગત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સંબંધિત નીચે જણાવ્યા પ્રમાણેની ચોકસાઇઓ રાખશે.

અ: તેઓ અન્ય સામાન્ય વ્યક્તિઓની જેમજ કોની સાથે રહેવું તથા ક્યાં રહેવું તેની પસંદગી કરવાનો અધિકાર ધરાવે છે અને તેમને કોઇ સંસ્થામાં કે તેમને નહીં ગમતી એવી અન્ય કોઇ જગ્યાએ રહેવાની વ્યવસ્થાની પસંદગી કરવા માટે કોઇ જોર જુલમ કે દબાણ કરી શકાશે નહીં.

બ: સમાજમાં ક્યાં અને કેવી રીતે રહેવું તેના ઘણા ઉપલબ્ધ વિકલ્પોમાંથી પસંદગી કરવાનો તથા અંગત મદદ મેળવવાનો તેઓ અધિકાર ધરાવે છે.સમાજ કે સમુદાયમાં તેમના સમાવેશ માટે તેમને મદદ કરવી.તથા તેમને એકલા પાડી દેવાની પ્રવૃત્તિઓને રોકવી.

ક: જાહેર જનતા માટે ઉપલબ્ધ એવી સામુદાઇક સેવાઓનો ઉપયોગ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ કરી શકશે અને એક વ્યક્તિએ જેવી જરુરીયાતો અપનાવવાની જરૂર પડે તેવી જરુરીયાતો અપનાવી શકશે.

## કલમ- ૨૦: અંગત ગતિશીલતા

'દેશો', એ વાતની ચોકસાઇ રાખશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ નીચે જણાવ્યા સહીતની સૌથી વધારે શક્ય હોય તેવી સ્વતંŽતાઓ સાથે ક્યાંય પણ ફરી શકે.

અ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જ્યાં પણ અને જે પણ રીતે જવું હોય ત્યાં તેવી રીતે તેમને પોષાય તેટલા ખર્ચે જવા-આવવામાં મદદરુપ બનશે.

બ: ગતીશીલતા માટે જરુરી સાધન સહાય તથા ટેકનોલોજી બહુ ખર્ચ કર્યા વગર તેમને ઉપલબ્ધ બને તેવા પ્ર યત્નો કરશે.

ક: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અને તેમની સાથે કામ કરતા કર્મચારી ગણને ગતીશીલતા સંબંધિત કુશળતાઓ મેળવવા માટે તાલીમ પુરી પાડશે.

ડ: ગતીશીલતા માટે જરુરી સાધન સહાય અને ટેકનોલોજી વિકસાવતા લોકોને તે માટે જરુરી એવાં સમગ્ર પાસાંઓને આવરી લઇ શકે તે માટે પ્રોત્સાહન આપશે.

## કલમ- ૨૧: અભિવ્યક્ત કરવાની, મત પ્રદર્શીત કરવાની તથા માહિતી મેળવવાની સ્વતંŽતા

'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, તેમને જે કહેવું હોય તે બ્રેઇલ, સંજ્ઞા વાચક ભાષા કે તેઓ પસંદ કરે તેવા અન્ય પ્રકારના સંદેશા-વ્યવહારનો ઉપયોગ કરીને કહેવાનો અધિકાર તેઓ ધરાવે છે.

'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ,નીચે જણાવ્યા સહીતની માહિતી આપવાનો તથા મેળવવાનો અધિકાર અન્ય સામાન્ય વ્યક્તિઓ જેટલોજ ધરાવે છે.

અ: સામાન્ય પ્રજાને જે માહિતિ પુરી પાડવાની જરૂર જણાતી હોય,તે બધીજ માહિતિ વિકલાંગતા ધરાવતી વ્યક્તિને પણ બ્રેઇલ વિગેરે જેવા પુરતા અને યોગ્ય માધ્યમનો ઉપયોગ કરીને વધારાનો કોઇ ખર્ચ વસુલ કર્યા વગર પુરી પાડશે.

બ: કોઇ પણ માહિતીની આપ-લે કરવી સત્તાવાર રીતે જરુરી હોય તેવા બધાજ સંજોગોમાં પણ વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ તે માટે જે પણ માધ્યમનો ઉપયોગ કરશે તેનો સ્વીકાર કરવો.

ક: લોકોની સેવામાં રોકાયેલ ખાનગી ધંધા રોજગાર કે સંસ્થાઓને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પણ તેમની સેવાઓ ઉપલબ્ધ બને તે માટે પ્રોત્સાહીત કરવામાં આવશે.

ડઃ પ્રચાર-પ્રસાર માધ્યમને તેમની માહિતી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સુંધી પહોંચે તે માટે પ્રોત્સાહીત કરવામાં આવશે.

ઈઃ સંજ્ઞાવાચક ભાષાના ઉપયોગને સમર્થન આપશે તથા તે બાબતે સહમત થશે.

## કલમ- ૨૨ઃ ગુપ્તતા-અંગતતા માટે આદર

'દેશો' નીચે જણાવેલા મુદ્દાઓ બાબતે ચોકસાઇ રાખશે.

૧ઃ 'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે કોઇ કારણ વગર કે કાયદાની વિરૂધ્ધ હોય તેવી રીતે કોઇ પણ વ્યક્તિ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિના અંગત જિવનમાં કોઇ પણ પ્રકારે હસ્તક્ષેપ કરે નહીં.દેશો એ વાતની ચોકસાઇ રાખશે કે કોઇ પણ વ્યક્તિ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિના માન,આબરુ કે પ્ર તિષ્ઠા ઉપર ગેરકાયદેસર રીતે હુમલો કરે નહીં.વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ આવા હુમલાઓ સામે રક્ષણ મેળવવાનો કાયદેસર રીતે અધિકાર ધરાવે છે.

૨ઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિની અંગત તેમજ આરોગ્ય અને પુનર્વસનજન્ય માહિતી અંગેની વિશ્વસનીયતા નું સંરક્ષણ અન્ય સામાન્ય વ્યક્તિઓની વિશ્વસનિયતાના સંરક્ષણની જેમજ જાળવશે.

## કલમ- ૨૩ઃ ઘર અને કુટુંબ માટે આદર

૧ઃ 'દેશો', જ્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના લગ્ન અને કૌટુંબિક સંબંધોની વાત આવે ત્યારે તેમની તરફ દાખવવામાં આવતા ભેદભાવને રોકવા માટેના નીચે જણાવેલા મુદ્દાઓ બાબતે પગલાં ભરશે.

અઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ લગ્ન કરવાના અને કૌટુંબિક સંબંધો બાંધવાના અધિકાર અન્ય સામન્ય વ્યક્તિઓ જેવાજ ધરાવે છે.

બઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ,બાળકોને જન્મ આપવાના તથા ક્યારે અને કેટલા બાળકોને જન્મ આપવો તે નક્કી કરવાના અધિકાર અન્ય સામન્ય વ્યક્તિઓ જેવાજ ધરાવે છે.પ્રજનનતંŽ અને કુટુંબ નિયોજન બાબતે તેમને માહિતી આપશે તેમજ આવી માહિતી તેઓ સમજી શકે તે માટે તેમને મદદ પુરી પાડશે.

કઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, તેમની પ્રજનન શક્તિ જાળવવાનો અધિકાર અન્ય સામાન્ય વ્યક્તિઓ જેવો જ ધરાવે છે.

૨ઃ 'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે બાળકોનું શ્રેય શેમાં સમાયેલું છે તેને ધ્યાનમાં રાખીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિ, વાલીપણાં સંબંધિત હક્કો અને જવાબદારીઓ તેમજ બાળકને દત્તક લેવાનો અધિકાર, અન્ય સામાન્ય વ્યક્તિઓની જેમજ ધરાવે છે. દેશો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમના બાળકોના ઉછેર માટે જરુરી જવાબદારીઓ અદા કરી શકે તે માટે સહાય કે સમર્થન પુરાં પાડશે.

૩ઃ 'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે વિકલાંગતા ધરાવતા બાળકો,કૌટુંબિક જિવન જીવવાના અધિકારો અન્ય બાળકો જેવાજ ધરાવે છે. દેશો, વિકલાંગતા ધરાવતા બાળકોને તેમજ તેમના કુટુંબોને શરુઆતના તબક્કાથીજ માહિતી, સેવાઓ અને સમર્થન પુરાં પાડશે.

૪ઃ બાળકને તેની ઇચ્છા વિરુધ્ધ તેના માતા-પિતાથી દુર કરી શકાશે નહીં શિવાયકે આમ કરવું તે બાળકના શ્રેષ્ઠ હિતમાં હોય અને કાયદેસરરીતે આમ કરવામાં આવતું હોય.માતા-પિતાની કે બાળકની પોતાની વિકલાંગતાના કારણે તેને તેના માતા-પિતાથી દુર કરી શકાશે નહીં.

૫ઃ જ્યારે વિકલાંગતા ધરાવતા બાળકની કાળજી એક નિશ્ચિત કુટુંબમાં ( માતા-પિતા તથા ભાઇ-બહેન) લઇ શકે તેમ ન હોય ત્યારે આવા બાળકને સૌ પ્રથમ મોટા કુટુંબમાં મુકવાનો પ્રયત્ન કરવાનો રહેશે. જો આમ થઇ શકે તેમ ન હોય તો, તેને આ બાબતે સ્થાનિક સમુદાય દ્વારા મદદ મળે તે જોવાનું રહેશે.

## કલમ– ૨૪: શિક્ષણ

૧: 'દેશો',એ મુદ્દે સહમત થાય છે કે,વિકલાંગતા ધરાવતી બધિજ વ્યક્તિઓને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. 'દેશો',એ વાતની ચોકસાઇ રાખશે કે બધાજ સ્તરના શિક્ષણ તંŽમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સામેલ કરવામાં આવે. 'દેશો',શિક્ષણતંŽ અંતર્ગત નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દાઓ બાબતે પણ ચોકસાઇ રાખશે.

અ: 'દેશો', દરેક વ્યક્તિ પોતાની માનવીય ક્ષમતાઓ, માન કે પ્રતિષ્ઠાની ભાવના તથા પોતાની યોગ્યતા વિકસાવી શકે તેની ચોકસાઇ રાખવા માટે પગલાં ભરશે તથા માનવ અધિકારો,સ્વતંŽતાઓ, વિવિધતાઓ કે ભિન્નતાઓનું ગૌરવ જાળવવા માટે પગલાં ભરશે.

બ: ''દેશો',એક વ્યક્તિ તેનું વ્યક્તિત્વ તથા તેની પ્રતિભા કે તેની આવડતો તેની સંપુર્ણ ક્ષમતા સુંધી વિકસાવી શકે તે માટે પગલાં ભરશે.

ક: 'દેશો', વિકલાંગતા ધરાવતી બધીજ વ્યક્તિઓને સમાજમાં સામેલ કરી શકાય તેની ચોકસાઇ રાખવા માટે પગલાં ભરશે.

૨: ઉપરોક્ત બાબતો હાથ ધરવા માટે 'દેશો' નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દાઓની ચોકસાઇ રાખશે.

અ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમની વિકલાંગતાના કારણે શિક્ષણ મેળવવાની તકથી વંચિત રાખવામાં ન આવે તેમજ વિકલાંગતા ધરાવતા બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમીક અને માધ્યમિક શિક્ષણમાંથી તેમની વિકલાંગતાના કારણે બાકાત રાખવામાં ન આવે.

બ: વિકલાંગતા ધરાવતી બધિજ વ્યક્તિઓ,જેમાં તેમનો સમાવેશ થતો હોય તેવું શિક્ષણ પસંદ કરીશકે,આવું શિક્ષણ તેમના માટે ઉપલબ્ધ હોવું જોઇએ અને તે તેમને તેમના સમુદાયની અંદર જ મળી રહેવું જોઇએ.

ક: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને વધારેમાં વધારે શિક્ષણ મળી રહે તે માટે તેમાં જરુરી નાના મોટા ફેરફાર પણ કરવા.

ડ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શિક્ષણ મળી રહે તે માટે તેમને જરુરી મદદ પુરી પાડવી.

ઇ: વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થી– વિદ્યાર્થીનીને જરુરી મદદ પુરી પાડવી જેથી તેમની વ્યક્તિગત જરુરીયાતો પણ સંતોષી શકાય.

૩: 'દેશો',વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શાળામાં પ્રવેશ મેળવવા માટે જરુરી એવી સામાજિક અને જિંદગીની કુશળતાઓ શીખવવાનો શક્ય તેટલો પ્રયત્ન કરશે. 'દેશો' આ માટે નીચે જણાવ્યા પ્રમાણેના પગલાં ભરશે.

અ: વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થી– વિદ્યાર્થીનીઓને બ્રેઇલ તેમજ માહિતી મેળવવા માટે જરુરી એવી અન્ય પ્રકારની કુશળતાઓ શીખવશે અને તેમને સમાન કક્ષાના સહકાર પુરાં પાડશે અને તે માટે જરુરી દેખરેખ રાખશે.

બ: સાંકેતિક ભાષા શીખવશે.

કઃ ખાસ કરીને અંધ, બધીર કે બધીરાંધ વ્યક્તિઓ શક્ય તેટલું સારું શીક્ષણ મેળવી શકે તે માટે તેમને યોગ્ય પ્રકારની સંદેશા-વ્યવહાર સંબંધિત કુશળતાઓ શીખવશે.

૪ઃ 'દેશો' આવા વ્યવહારને અમલમાં મુકવા માટે વિકલાંગતા ધરાવતા હોય તેવા શીક્ષકોને તથા બ્રેઇલ અને અન્ય સાંકેતીક ભાષામાં શૈક્ષણીક લાયકાત ધરાવતા હોય તેવા શીક્ષકોને કામ ઉપર રાખશે અને તેઓ શીક્ષણ ક્ષેŽના દરેક સ્તરના શીક્ષકો તેમજ અન્ય કર્મચારીગણને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કેવી રીતે ગુણવત્તાયુક્ત શીક્ષણ આપવું તે બાબતે તાલીમ પુરી પાડશે.

૫ઃ 'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વ્યવસાયલક્ષી તાલીમ મેળવવાનો અને યુનિવર્સીટીઓમાં તેમજ સંપુર્ણ જિવન દરમ્યાન ભણવાનો અક સરખો અધિકાર ધરાવે છે.આ માટે 'દેશો' જરુરી એવા બદલાવ લાવશે.

## કલમ- ૨૫ : આરોગ્ય

દેશો એ હકીકતને માન્યતા આપે છે કે,વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, તેમની વિકલાંગતાના કારણે તેમની તરફ કોઇ ભેદભાવ દાખવ્યા શીવાય એક સરખી ગુણવત્તા ધરાવતી આરોગ્યલક્ષી સેવાઓ મેળવવાનો અધિકાર ધરાવે છે.

'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે નીચે જણાવ્યા પ્રમાણેની સેવાઓ સહીતની આરોગ્ય અને આરોગ્ય સંબંધિત પુનર્વસનલક્ષી સેવાઓ મળી રહે.

કઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અન્ય સામાન્ય વ્યક્તિઓ જેવાજ પ્રકારની,ગુણવત્તાવાળી અને યોગ્ય ધારાધોરણવાળી તથા મફત તેમજ પરવડે તેવી આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવશે, 'દેશો' તેની ચોકસાઇ રાખશે.

ખઃ 'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમની વિકલાંગતાના કારણે જે પણ આરોગ્યલક્ષી સેવાઓની જરુર પડે તે તેમને પુરી પાડવામાં આવશે અને તેમની વધતી વિકલાંગતા સામે તેમને રક્ષણ પુરું પાડશે અને તેને રોકશે.

ગઃ આવી આરોગ્યલક્ષી સેવાઓ સમુદાયની અંદર જ મળી રહે.

ઘઃ 'દેશો' એ વાત ઉપર ભાર મુકશે કે આરોગ્ય કાર્યકરો, જેવી ગુણવત્તાયુક્ત આરોગ્યલક્ષી સેવાઓ અન્ય સામાન્ય વ્યક્તિઓને પુરી પાડે છે તેવીજ સેવાઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ પુરી પાડશે. જેમકે,આરોગ્યલક્ષી સેવાઓ માટે આચાર સંહિતાલક્ષી ધારાધોરણો પાળવા, એક વ્યક્તિની તે માટેની સંમતી હોય તો જ અને તેને તેના હક્કો વિષે કહેવામાં આવ્યું હોય તો જ આવી સેવા પુરી પાડી શકાય અથવા આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવાના સંદર્ભમાં આવી કુશળતાઓ તાલીમો મારફતે આરોગ્ય કાર્યકરોએ મેળવી હોય વિગેરે.

ચઃ જ્યારે આરોગ્યલક્ષી અને જિવનલક્ષી વિમાઓની વાત આવે ત્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે કોઇ ભેદભાવ દાખવવામાં ન આવે અને ન્યાયીક ધોરણે તેમને તેનો લાભ આપવામાં આવે તેની ચોકસાઇ 'દેશો' રાખશે.

છઃ 'દેશો' એ વાતની ચોકસાઇ રાખશે કે આરોગ્યલક્ષી સાર સંભાળ કે સેવાઓ કે ખોરાક અને પ્રવાહી મેળવવાની બાબતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે તેમની વિકલાંગતાના કારણે કોઇ ભેદભાવ દાખવવામાં નહીં આવે કે તે મેળવવાના તેમના અધિકારથી તેમને વંચિત રાખવામાં નહીં આવે.

## કલમ- ૨૬ઃ વસવાટ અને પુનર્વસવાટ

૧: 'દેશો' ખાસ પ્રકારનાં પગલાં લેશે.જેમકે,વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વધારેમાં વધારે સ્વતંŽતાઓ ભોગવી શકે તે માટે,તેમની ક્ષમતાઓને સંપુર્ણપણે વિકસાવી શકે તે માટે તથા જિંદગીનાં બધાજ પાસાંઓમાં તેમને સામેલ કરી શકાય તે માટે,સમકક્ષ જુથ- પીયર એજ્યુકેટર્સને સમર્થન પુરું પાડશે.

'દેશો' આવાં પગલાં ભરી શકાય તે માટે વસવાટ અને પુનર્વસવાટના ક્ષેŽ, જિવનનાં તમામ પાસંઓને આવરી લેવાય તેવા ઉદ્દેશથી જરુરી સેવાઓ ઉપલબ્ધ બનાવશે.આમ કરવાથી તેઓને નીચે જણાવ્યા પ્ર માણેની સુગમતાઓ મળશે.

અ: તેઓ શક્ય તેટલી જલ્દી શરુઆત કરી શકશે.અને વિશિષ્ઠરુપે ક્ષમતાઓવાળી અને કોઇ એક ચોક્કસ વ્યક્તિની જરુરીયાતોને ધ્યાનમાં રાખીને આવી સેવાઓ પુરી પાડી શકાશે.

બ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સમુદાયમાં સામેલ થઇ શકે અને તેની પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકે તે માટે તેમને મદદ મળી શકશે.

ક: આવી સેવાઓ સ્વૈચ્છિક હશે અને તેમના સમુદાયથી શક્ય તેટલી નજીક હશે.

૨: 'દેશો',વસવાટ અને પુનર્વસવાટને લગતી સેવાઓમાં રોકાયેલા હોય તેવા કર્મચારીગણને તાલીમ પુરી પાડવાના કાર્યક્રમોને સમર્થન પુરું પાડશે.

૩: 'દેશો',વસવાટ અને પુનર્વસવાટ માટે મદદરુપ એવી સહાયકારી તરકીબો કે તકનીકોને તથા તેને લગતી બધાજ પ્રકારની સહાયકારી મદદો પુરી પાડીને તેને સમર્થન આપશે.

## કલમ- ૨૭: કામ અને રોજગાર

૧: 'દેશો' એ વાતે સહમત થાય છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અન્ય સામાન્ય વ્યક્તિઓ જેટલોજ કામ મેળવવાનો અધિકાર છે. તેનો અર્થ એવો પણ થાય છે કે,બધા લોકો માટે ઉપલબ્ધ અને ખુલ્લા હોય તેવા વાતાવરણમાંથી તે પસંદ કરે તેવા કામમંથી આજિવીકા મેળવવાનો પણ તેમને અધિકાર છે.

'દેશો' નીચે જણાવેલા ઉદ્દેશો માટે કાયદાઓ ઘડશે અને અન્ય પગલાંઓ લેશે.

ક: 'દેશો' બધાજ પ્રકારના વ્યવસાય સંબંધિત પરિસ્થિતિઓમાં વિકલાંગતાના કારણે દાખવવામાં આવતા ભેદભાવને નાબુદ કરશે.ઉદાહરણ તરીકે જ્યાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિ નોકરી કે રોજગાર મેળવવા માટે પ્રયત્ન કરતી હોય,કે તેમને આવા ઉદ્દેશથી નોકરીએ રાખવામાં આવતા હોય કે તેને સમર્થન આપવામાં આવતું હોય તેવા સ્થળે દાખવવામાં આવતો ભેદભાવ દુર થશે અને કામના સ્થળની પરિસ્થિતિ સ્વાસ્થપ્રદ અને સલામતિભરી બની રહેશે.

ખ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના; એક સરખા કામ માટે એક સરખો પગાર, એક સમાન તક, કામ કરવાના સ્થળ સલામતિભર્યા અને સ્વાસ્થ્યપ્રદ તથા ફરીયાદ કરવાની ક્ષમતા વિગેરે જેવા અધિકારોનું રક્ષણ કરશે.

ગ: અન્ય વ્યક્તિઓની જેમજ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પણ મજૂર સંઘ કે કામદાર સંઘ બનાવી શકે છે કે તેમાં જોડાઇ શકે છે તેની ચોકસાઇ રાખશે.

ઘ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમની કારકીર્દી ઘડવા માટે સલાહ સુચન મેળવી શકે અને વ્યવસાયલક્ષી તાલીમો મેળવી શકે તેની ચોકસાઇ રાખશે.

ચ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે રોજગાર, કારકીર્દીલક્ષી મદદ અને રોજગાર શોધવા અને જાળવવા જેવા મુદ્દાઓને સમર્થન પુરું પાડશે.

છ: સ્વરોજગાર,વ્યવસાયની તકો તથા ધંધો શરુ કરવા જેવા મુદ્દાઓને સમર્થન પુરું પાડશે.

જ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સરકારમાં નોકરી તક આપશે.

ઝઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નોકરી રોજગાર પુરા પાડી શકે તે માટે, નિયોક્તા કે નોકરી રોજગાર પુરા પાડનારાઓને મદદરુપ બનશે, તેમને પ્રોત્સાહીત કરશે કે ઉત્તેજન આપશે.

ટઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમના કામનું યોગ્ય નાણાંકીય વળતર મળે તેની ચોકસાઇ રાખશે કે જેથી તેમના માટે કામના સ્થળે જવું અને તે વાતાવરણથી ટેવાવું સહેલું બને.

ઠઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ કામના બજારમાં કામનો અનુભવ મેળવી શકે તેની ચોકસાઇ રાખવા માટે પગલાં ભરશે.

ડઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પોતાના કામ ઉપર પાછા ફરી શકે અને તેમના નોકરી રોજગાર જાળવી શકે તે માટે તેમને સહયોગ આપવાના ઉદ્દેશથી વ્યવસાયલક્ષી અને ધંધાકીય પુનર્વસનલક્ષી કાર્યક્રમોને સમર્થન પુરું પાડશે.

૨ઃ 'દેશો', વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ગુલામીના ખપ્પરમાં હોમાઇ ન જાય તેની ચોકસાઇ રાખશે.જેવી રીતે અન્ય સામાન્ય વ્યક્તિઓને જબરજસ્તીથી દોરી જતા શ્રમ સામે રક્ષણ પુરું પાડવામાં આવે છે તેવીજ રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ આવું રક્ષણ પુરું પાડવામાં આવશે.

## કલમ– ૨૮ઃ પર્યાપ્ત જિવન ધોરણ અને સામાજિક સલામતી.

૧ઃ 'દેશો', વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમનું પોતાનું અને તેમના કુટુંબોનું જિવન યોગ્ય ધારા ધોરણ સાથે વિતાવી શકે અને તેને ઉત્તરોત્તર વધારે સારું બનાવી શકે તે માટેના તેમના હક્કને માન્યતા આપે છે. તેમાં પુરતા અન્ન,કપડા તેમજ મકાન જેવી જરુરીયાતોનો સમાવેશ થાય છે.

૨ઃ 'દેશો' એ વાતને પણ માન્યતા આપે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને, તેમની વિકલાંગતાના કારણે તેમના પ્રત્યે કોઇ ભેદભાવ દાખવ્યા શીવાય સરકાર તરફથી સામાજિક સુરક્ષા મેળવવાનો અધિકાર છે.

'દેશો' નીચે જણાવેલા મુદ્દાઓ સહીતના આવા અધિકારોના સંરક્ષણની ચોકસાઇ રાખશે.

અઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જરુરી સેવાઓ,સાધન સહાય તથા વિકલાંગતા સંબંધિત જરુરીયાતો મેળવવા માટે મદદ લઇ શકે.

બઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમની ગરીબાઇ દુર કરી શકે તે માટે તેમને મદદરુપ બનતી હોય તેવી સમાજ કલ્યાણલક્ષી સેવાઓ અને તેવા કાર્યક્રમોનો તેઓ લાભ મેળવી શકે.તેની અંતર્ગત ખાસ કરીને વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓ અને છોકરીઓ તથા તેવા વૃધ્ધોનો સમાવેશ થાય છે.

ક : વિકલાંગતા ધરાવતી અને ગરીબી હેઠળ જિવતી વ્યક્તિઓને સરકાર તરફથી મદદ મળે કે જેથી તેઓ તેમના વિકલાંગતા સંબંધિત ખર્ચાઓ કરી શકે.

ડઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઅ માટે વસવાટલક્ષી સરકારી કાર્યક્રમો ઉપલબ્ધ હોય.

ઈઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ નિવૃત્તિ ભથ્થું મેળવી શકે.

## કલમ– ૨૯ઃ રાજકારણ અને જાહેર જીવનમાં સહભાગિતા

'દેશો' વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને વિકલાંગતાના કારણે કોઇ ભેદભાવ દાખવ્યા શીવાય રાજકારણમાં ભાગ લેવાના તેમના અધિકારને માન્યતા આપે છે. તેની અંતર્ગત નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

૧ઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ રાજકારણમાં અને જાહેર જીવનમાં સંપુર્ણપણે સામેલ થઇ શકે તેની ચોકસાઇ રાખવી. ઉદાહરણ તરીકે મત આપવાનો અને ચુંટાવાનો અધિકાર.આમ કરવા માટે નીચે જણાવેલી બાબતોએ ચોકસાઇ રાખવી પડશે.

કઃ મત આપવાની પ્રક્રીયા સમજવી સહેલી હોય અને તે આપવા માટેનું સ્થળ સહેલાઇથી ઉપલબ્ધ હોય.

ખઃ નાગરીકોનો મત ખાનગી રાખવાનો અધિકાર અને ચુંટાવાનો અધિકાર સુરક્ષિત રહે.

ગઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમની પસંદગીના સ્થળેથી મત આપી શકે તે માટે જેમને પણ મદદની જરુર હોય તેમને આવી મદદ પુરી પાડવી.

૨ઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સરકારી કામકાજમાં તેમજ જાહેર કાર્યક્રમોમાં ભાગ લેવા માટે સામેલ કરાશે અને તેમાં નીચે જણાવેલા મુદ્દાઓ આવરી લેવાશે.

અઃ બિનસરકારી સંગઠનો તથા રાજકીય પક્ષો અને સામાજિક સંગઠનોને લગતી પ્રવૃત્તિઓમાં સામેલ કરવા

બઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સ્થાનીક,પ્રાદેશીક તથા રાષ્ટ્રિય ધોરણે પ્રતિનિધિત્વ કરવા માટે સંસ્થાઓ કે સંગઠનો સ્થાપવા કે તેમાં જોડાવુ.

## કલમ-30: સાંસ્કૃતિક જીવન,મનોરંજન,નવરાશની પળો તથા રમત ગમત વિગેરેમાં ભાગ લેવો

૧: 'દેશો',વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સાંસ્કૃતિક જીવનમાં ભાગ લેવાના અધિકારને માન્યતા આપે છે. તેની ચોકસાઇ રાખવા માટે તેઓ નીચે જણાવ્યા પ્રમાણેના પગલાં ભરશે.

અ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કોઇ પણ પ્રકારનું સાહિત્ય કે અન્ય લખાણ બ્રેઇલમાં કે સંજ્ઞાવાચક રુપમાં કે શ્રાવ્ય રુપમાં મળવું જોઇએ.

બ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ,તેઓ સમજી શકે તેવા રુપમાં ટીવી કાર્યક્રમો,નાટકો તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવૃત્તિઓ માણી શકે.

ક: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાંસ્કૃતિક કાર્યક્રમ આપી શકે તથા પુસ્તકાલયો, સંગ્રહાલય, સીનેમા ઘરો તથા અન્ય રાષ્ટ્રિય કક્ષાના મહત્વના સ્થળોની મુલાકાત લેવી વિગેરે જેવી સેવાઓ મેળવી શકે.

૨: 'દેશો'; વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ તેમની સર્જનાત્મક,કલાકારીગરી તથા બૌધ્ધિક ક્ષમતાઓ વિકસાવી શકે અને તેનો ઉપયોગ કરી શકે તે માટેના પગલાં ભરશે.

૩: દસ્તાવેજો તથા અન્ય લખાણો, કૂટ લેખનમાંથી શોધ અથવા નકલ વિગેરે સામે રક્ષણ પુરું પાડતાં જે કાયદાઓ સરકારે ઘડયા છે તેની અંતર્ગત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે કોઇ ભેદભાવ દાખવવામાં આવે નહીં.

૪: વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ, અન્ય વ્યક્તિઓ જેવાજ હક્કો તેમની સંસ્કૃતિ તથા ભાષાને માન્યતા મળે તે માટે ધરાવે છે.ઉદાહરણરુપે, બધિરતા અને સાંકેતીક ભાષા.

૫: 'દેશો',વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ મનોરંજન મેળવવાના, નવરાશની પળો વિતાવવાના તથા રમત ગમતમાં ભાગ લેવાના અન્ય સામાન્ય વ્યક્તિઓ જેવાજ અને જેટલાજ હક્કોને માન્યતા આપે છે.આ બાબતની ચોકસાઇ રાખવા માટે તેઓ નીચે જણાવ્યા પ્રમાણેના પગલાં ભરશે.

અ: વિકલાગંતા ધરાવતી વ્યક્તિઓને, વિકલાંગતા નહીં ધરાવતી વ્યક્તિઓ સાથે રમત ગમતમાં દરેક સ્તરે ભાગ લેવા માટે ઉત્તેજન આપો અને તેનું સમર્થન કરો.

બ: વિકલાગંતા ધરાવતી વ્યક્તિઓ,રમત ગમત સંબંધીત પ્રવૃત્તિઓ યોજવાનો,તેમાં ભાગ લેવાનો અને તે માટે તાલીમ તથા સહયોગ મેળવવાનો અન્ય વ્યક્તિઓ જેવોજ અધિકાર ધરાવે છે.

ક: 'દેશો', વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ રમત ગમતમાં તથા મનોરંજનના ઉદ્દેશથી યોજાતી હરીફાઇઓમાં અન્ય વ્યક્તિઓની જેમ જ ભાગ લઇ શકે તેની ચોકસાઇ રાખશે.

ડ: 'દેશો';વિકલાંગતા ધરાવતા બાળકો,અન્ય બાળકોની જેમજ શાળા વિગેરે સ્થળોએ યોજાતા નાટકો તેમજ રમત ગમતમાં ભાગ લઇ શકે તેની ચોકસાઇ રાખશે.

ઇ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ મનોરંજન અને રમત ગમત લક્ષી પ્રવૃત્તિઓમાં મદદરુપ બને તેવી સેવાઓ મેળવી શકે તેની ચોકસાઇ રાખશે.

## કલમ- ૩૧ : આંકડા શાસŽ અને આંકડાકીય માહિતીનું એકŽીકરણ.

૧: 'દેશો',આ કરારને અમલીકરણમાં મુકવા માટે આંકડાકીય અને અન્ય માહિતી એકŽ કરશે અને તેના તરફ લક્ષ આપશે.

આવી માહિતી એકઠી કરતી વખતે તેઓ નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દાઓને ધ્યાનમાં રાખશે.

અ: લોકોની અંગતતાને આદર આપશે.આવી માહિતી,જો લોકો તે માટે સહમત થતા હોય તો જ આપવી.

બઃ જ્યારે આંકડાકીય માહિતી એકઠી કરવામાં આવતી હોય ત્યારે માનવ અધિકારો અને આચાર સંહિતાને આદર આપો.

૨ઃ એકઠી કરવામાં આવેલી માહિતી વર્ગીકૃત કરેલી હશે અને તેની મદદથી આ કરારનો અમલ કેવી રીતે કરવો તે દેશો બરોબર સમજી શકશે તેમજ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે જે અંતરાયો કે બંધનો હાલમાં અસ્તિત્વમાં છે તેને પણ બરોબર સમજી શકાશે.

૩ઃ આવી માહિતી વહેંચવાની જવાબદારી જે તે દેશની રહેશે અને તે ઉદાહરણ તરીકે વાંચવા કે સમજવામાં સહેલી પડે તેવી બ્રેઇલ જેવી લીપીમાં પણ આપવાની રહેશે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે તે સહેલાઇથી ઉપલબ્ધ બને.

## કલમ– ૩૨ઃ આંતર રાષ્ટ્રિય સહકાર

૧ઃ દરેક દેશ આ કરારનો અમલ કરી શકે તે માટે બધા 'દેશો' સાથે મળીને કામ કરે તે મહત્વનું છે તે બાબતે સહમત થાય છે. તેઓ ખાસ કરીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સંગઠનો સાથે કામ કરી શકે તે માટે નીચે જણાવ્યા મુજબમના પગલાં લેશે.

અઃ વિકાસ લક્ષી આંતર રાષ્ટ્રિય કાર્યક્રમોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સામેલ કરવી અને તે તેમને ઉપલબ્ધ બનાવવાની બાબતે 'દેશો' ચોકસાઇ રાખશે.

બઃ માહિતી તથા અનુભવો વિગેરેની આપ લે કરીને તથા તાલીમ કાર્યક્રમો દ્વારા તેમજ શ્રેષ્ઠ વ્યવહાર દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શિક્ષીત કરવા માટે 'દેશો' સાથે મળીને કામ કરે તેની ચોકસાઇ રાખવામાં આવશે.

કઃ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેŽ સહકારનું આયોજન કરશે.

ડઃ નવી ટેકનોલોજીઓ જેવી તકનીકી અને આર્થિક મદદ પુરી પાડશે.

૨ઃ 'દેશો' એવું કહી શકશે નહીં કે તેમને બીજા દેશો તરફથી સહકાર મળતો નથી તેથી તેઓ આ કરારનો અમલ કરશે નહીં.

## કલમ– ૩૩ઃ રાષ્ટ્રિય અમલીકરણ અને દેખરેખ નિયંŽણ

૧ઃ 'દેશો',એ વાતની ચોકસાઇ રાખશે કે સરકારમાં ઓછામાં ઓછી એવી એક વ્યક્તિની નિમણુંક કરવામાં આવે કે જે આ કરારના અમલીકરણનું દેખરેખ નિયંŽણ રાખે.

૨ઃ 'દેશો',એ વાતની ચોકસાઇ રાખશે કે સરકારમાં તેઓ એવી એક સ્વતંŽ સંસ્થા સ્થાપશે કે જે આ કરારનું અમલીકરણ કેવી રીતે થાય છે તેનું દેખરેખ નિયંŽણ રાખે.

૩ઃ 'દેશો' આ કરારનો અમલ કેવી રીતે કરે છે તેનું અવલોકન કરવા માટે બિન સરકારી સંગઠનો, ખાસ કરીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ દ્વારા ચલાવાતા સંગઠનોનો સંપુર્ણપણે સમાવેશ કરવામાં આવશે.

## કલમ– ૩૪ઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો સંબંધે સમિતિ

૧ઃ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના હક્કો સંબંધે એક સમિતિ ઘડવામાં આવશે.

૨ઃ જ્યારે આ કરાર એક કાયદાનું સ્વરુપ ધારણ કરશે ત્યારે આ સમિતિમાં બાર નિષ્ણાતોની નીમણુંક કરવામાં આવશે.બીજા સાંઇઠ દેશો આ કરાર સાથે સહમત થશે ત્યારે આ સમિતિમાં બીજા છ નિષ્ણાતો ઉમેરવામાં આવશે.આમ વધુમાં વધુ અઢાર સભ્યોની સમિતિ બનશે.

૩ઃ સમિતિના સભ્યો વ્યક્તિગત ધોરણે સેવા આપશે. તેઓ ખુબ જ ઉચી કક્ષાના સીધ્ધાંતો ધરાવતા હશે અને વિકલાંગતાના નિષ્ણાત હશે અથવા તે બાબતે અનુભવ ધરાવતા હશે.

૪: 'દેશો' સમિતિના સભ્યોને ચુંટી કાઢશે અને તે દુનીયાના વિવિધ ભાગોમાંથી હશે તેની ચોકસાઇ રાખવામાં આવશે.તેમાં પુરુષો, સ્Žીઓ તથા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ હશે અને તે કાયદાના જુદા જુદા તંŽોનું પ્રતિનિધિત્વ કરતા હશે.

૫: જ્યારે 'દેશો' સંમેલન માટે મળશે ત્યારે તેઓ સમિતિના સભ્યોને ગુપ્તતા સાથે ચુંટી કાઢશે.એક વ્યક્તિએ ચુંટાવા માટે સૌથી વધુ મત મેળવવાની જરુર પડશે.સંમેલનમાં કુલ હાજર વ્યક્તિઓમાંથી ઓછામાં ઓછી પચાસ ટકા વ્યક્તિઓએ આવી વ્યક્તિને મત આપ્યો હોવો જોઇશે.

૬: આવી પહેલી ચુંટણી આ કરારને કાયદાનું રુપ મળે તેના છ મહીનામાં યોજવામાં આવશે.તે પછી દરેક ચુંટણીના ચાર મહીના પહેલાં સંયુક્ત રાષ્ટ્રના મહા સચીવ 'દેશો'ને એક પŽ લખશે અને આ સમિતિમાં સામેલ થવા માટે સભ્યોના નામનું સુચન કરવા જણાવશે.આવા નામનું સુચન કરવા માટે 'દેશો'ને બે મહીનાનો સમય આપવામાં આવશે.

૭: સમિતિના સભ્યની કામ કરવાની મુદત ચાર વર્ષની રહેશે.આવા સભ્યને ફરીથી એક વખત ચુંટી શકાશે.પહેલી ચુંટણી પછી સમિતિના છ સભ્યોની સેવા આપવાની મુદત માŽ બે વર્ષની રહેશે.

૮: જ્યારે સમિતિમાં વધારાના છ સભ્યોની નીમણુંક કરવાનો સમય આવે ત્યારે નીયમીત ચુંટણી દરમ્યાન તેમને ચુંટવામાં આવશે.

૯: સમિતિના સભ્યનું મૃત્યુ થાય અથવા તે સભ્યપદ છોડી દે ત્યારે જે દેશે તે સભ્યની નીમણુંક કરી હોય તે દેશ તેમના દેશમાંથી અન્ય નિષ્ણાત સભ્યની સભ્યપદની બાકીના સમયની મુદત માટે નિમણુંક કરી શકશે.

૧0: સમિતિ કેવી રીતે કામ કરશે તે બાબતે સમિતિ પોતાના કાયદાઓ જાતે ઘડશે.

૧૧: સમિતિ અસરકારક રીતે કામ કરી શકે તે માટે સંયુક્ત રાષ્ટ્રના મહા સચીવ કર્મચારી ગણ તથા કચેરી માટેની જગ્યા ફાળવશે.

૧૨: સમિતિના સભ્યોને તેઓ દ્વારા આપવામાં આવતી સેવાઓ બદલ મહેનતાણું ચુકવવામાં આવશે. મહેનતાણાની રકમ સંયુક્ત રાષ્ટ્ર મહા સભા નક્કી કરશે.

૧૩: સમિતિના સભ્યો, સંયુક્ત રાષ્ટ્રના અન્ય નિષ્ણાતો જેટલાજ હક્કો ધરાવશે.

## કલમ- ૩૫: 'દેશો' ના પક્ષો દ્વારા અહેવાલ

૧: દરેક 'દેશ',કરારનું કાયદામાં રુપાંતર થાય તેના બે વર્ષની અંદર સમિતિ માટે અહેવાલ લખશે. 'દેશો',આ કરારનો અમલ કેવી રીતે કરે છે તે બાબતે અહેવાલ લખશે.

૨: ત્યાર પછી દરેક દેશ ઓછામાં ઓછું દર ચાર વર્ષે એક વખત સમિતિને અહેવાલ આપશે.

૩: આવા અહેવાલમાં શું હોવું જોઇએ તેની જાણ સમિતિ કરશે.

૪: પહેલા અહેવાલમાં 'દેશ' જે માહિતી આપે તે ફરીથી બીજી વખત બીજા અહેવાલમાં આપવાની રહેતી નથી. 'દેશો' આવો અહેવાલ ખુલ્લી રીતે લખે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના સંગઠનોનો તે માટે સંપર્ક સાધવામાં આવે તેવી ભલામણ કરવામાં આવે છે.

૫: 'દેશો' આવા અહેવાલમાં આ કરારનો અમલ કરતી વખતે શું તકલીફો પડી તે જણાવી શકે છે.

## કલમ- ૩૬: અહેવાલોની વિચારણા

૧: જ્યારે સમિતિને અહેવાલ મળે ત્યારે તે નીચે જણાવ્યા પ્રમાણેનાં પગલાં લેશે.

- પુનર્મુલ્યાંકન કરશે, ટિકા ટીપ્પણ કરશે અને ભલામણો કરશે.
- જે દેશે અહેવાલ આપ્યો હશે તેને આવી ટિકા ટીપ્પણો અને ભલામણો પહોંચાડશે.

- તે પછી 'દેશ' સમિતિને વધુ માહિતી આપશે.
- વધુ માહિતી જોઇએ તો માંગવી.

૨: જો 'દેશને તેનો અહેવાલ આપવામાં ઘણું મોડું થયું હશે તો સમિતિ નીચે જણાવ્યા પ્રમાણેનાં પગલાં ભરશે.

- સમિતિને જાણ કરશે કે તે ઘણું મોડું છે.
- જો Žણ મહીના પછી હજુ પણ જે તે દેશે આવો અહેવાલ નહીં મોકલ્યો હોય તો સમિતિ તે દેશને જાણ કરશે કે તે દેશ આ કરારનો અમલ તેમના દેશમાં કેવી રીતે કરે છે તેની જાત તપાસ કરવા માટે સમિતિને તે દેશની મુલાકાત લેવાની જરુર જણાય છે.

૩: સંયુક્ત રાષ્ટ્રના મહા સચીવ પાસેથી દરેક દેશને બધાજ 'દેશો'ના અહૈવાલની એક એક નકલ મળશે.

૪: 'દેશો' આ અહેવાલની પોતપોતાના દેશમાં જાહેરમાં જાણ કરશે અને તે બાબતે ટિકા ટીપ્પણ તથા સુચનો મેળવશે.

૫: જો જરુર જણાશે તો, સમિતિ જે તે દેશનો અહેવાલ સંયુક્ત રાષ્ટ્રની અંદર કોઇક બીજી સંસ્થાને પણ મોકલશે કે જેથી ટેકનીકલ મુશ્કેલીઓ બાબતે જે તે દેશને આવી સંસ્થા મદદ પુરી પાડી શકે.

## કલમ– ૩૭: રાજ્યો, પક્ષો અને સમિતિઓ વચ્ચે સહકાર

૧: દરેક દેશ સમિતિ સાથે મળીને કામ કરશે અને સમિતિને મદદરુપ બનશે કે જેથી સમિતિ તેની ફરજો યોગ્ય રીતે નિભાવી શકે.

૨: 'દેશો' સાથે કામ કરતી વખતે સમિતિ પણ આ કરરાનો યોગ્ય રીતે અમલ થઇ શકે તે માટે દેશોને સુસજ્જ બનાવવા અને રાખવા માટેના ઉપાયો શોધવાનો પ્રયત્ન કરશે.

## કલમ– ૩૮: અન્ય સંસ્થાઓ કે મંડળો સાથે સમિતિના સંબંધો

કરારનો અમલ થઇ શકે તેની ચોકસાઇ રાખવા માટે અને 'દેશો'ને સાથે મળીને કામ કરવા માટે પ્રોત્સાહન આપવા માટે નીચે જણાવ્યા પ્રમાણેનાં પગલાં ભરવામાં આવશે.

અ: જ્યારે સમિતિ, જે તે સંસ્થા જે કાર્યો કરે છે તેના વિષે વાત કરતી હોય ત્યારે સમિતિની આવી બેઠકોમાં જે તે સંસ્થાને સામેલ કરી શકાય.

જ્યારે સમિતિને,આવી સંસ્થા પાસેથી નિષ્ણાત જાણકારી મેળવવાની જરુર જણાશે ત્યારે તે આવી સંસ્થાઓને આમંŽીત કરશે.

'દેશો' આ કરારનો અમલ કેવી રીતે કરે છે તે બાબતે જાતે અહેવાલ તૈયાર કરીને આપવા માટે પણ સમિતિ જે તે સંસ્થાને કહી શકે છે.

બ: 'દેશો',ઉદાહરણ રુપે સ્Žીઓ,બાળકો વિગેરે સંબંધિત અન્ય માનવ અધિકારોને લગતા બીજા કરારોનો અમલ કેવી રીતે કરે છે તેની તપાસ રાખવા માટે બીજી સાત સમિતિઓ અસ્તિત્વમાં છે.આ સમિતિ,આવી અન્ય સમિતિઓ સાથે સંપર્ક જાળવશે અને તે સમિતિઓ પણ આવી કોઇ પ્રવૃત્તિઓ દોહરાવતી નથી તેની ખાŽી કરશે અને આવી સમિતિઓ,કરારોને સૌથી વધારે સારી રીતે અમલમાં કેવી રીતે મુકી શકાય તેની ચોકસાઇ રાખવા માટે સતત સલાહ સુચનો કરતી રહે છે તેની ચોકસાઇ રાખશે.

## કલમ– ૩૯: સમિતિનો અહેવાલ

સમિતિ દર બે વર્ષે એક વખત સામાન્ય મહા સભા તથા આર્થિક પરિષદ તેમજ સામાજિક પરિષદ સમક્ષ એક અહેવાલ રજુ કરશે. આ મહા સભા તથા આર્થિક પરિષદ તેમજ સામાજિક પરિષદ તેમને જે અહેવાલ મળે તેના આધરે સુચનો અને ભલામણો કરશે.

## કલમ-૪૦: દેશ પક્ષોનું સંમેલન

૧: 'દેશો' આ કરારના અમલ સંબંધિત પ્રશ્નો મુશ્કેલીઓ બાબતે ચર્ચા કરવા માટે નીયમીત સમયાંતરે મળતા રહેશે.

૨: આ કરાર કાયદાનું સ્વરુપ ધારણ કરશે તેના છ મહીનાની અંદર સંયુક્ત રાષ્ટ્રના મહાસચીવ પહેલી બેઠક બોલાવશે. તે પછી દર બે વર્ષે અથવા 'દેશો' નક્કી કરે તે પ્રમાણે આવી બેઠકો યોજાશે.

## કલમ- ૪૧: (કરાર) ક્યાં જમા કરાવવાના રહેશે? અને ક્યાં જળવાશે? - ડીપોઝીટરી

કરાર, સંયુક્ત રાષ્ટ્રના મહા સચીવ પાસે જમા કરાવવાના રહેશે.

## કલમ-૪૨ : હસ્તાક્ષર

બધા દેશો હસ્તાક્ષર કરી શકે તે માટે આ કરાર, ન્યુ યોર્ક શહેરમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય મકાનમાં 30 માર્ચ, ૨00૭થી ખુલ્લો મુકવામાં આવ્યો છે.

## કલમ- ૪3: બંધાયેલા રહેવાની સંમતી

જે દેશો આ કરાર ઉપર સીધી સહીં જ કરશે તેમણે આ કરારને બહાલી આપવી પડશે.એટલે કે,જે તે દેશની રાષ્ટ્રીય સરકારે આ કરારનો અમલ કરવાની જવાબદારી સ્વીકારવી પડશે.જો દેશ કરાર ઉપર સીધા હસ્તાક્ષર ન કરે તો તેઓ 'સંમત' થાય છે કે માન્ય રાખે છે (એક્સીડ કરે છે) તેમ લખી શકે છે. તેનો અર્થ એવો થાય છે કે તેઓ તેમાં આગળ ઉપર ભવિષ્યમાં જોડાઇ શકે છે.

## કલમ- ૪૪: રીજીઓનલ ઇન્ટીગ્રેસન ઓર્ગેનાઇઝેસન(પ્રાદેશીક ઐકતા સંસ્થા)

૧: "રીજીઓનલ ઇન્ટીગ્રેસન ઓર્ગેનાઇઝેસન" તે એક એવી સંસ્થા છે કે જે એક જ પ્રદેશના ઘણા બધા દેશોએ સાથે મળીને ઘડી છે અને તે દેશોએ આ સંસ્થાને કરાર અંતર્ગત સાંકળી લીધેલા પ્રશ્નો, સમશ્યાઓ બાબતે કામ કરવા માટે સત્તા આપેલી છે.

૨: કરાર અંતર્ગત જ્યારે 'દેશો" એવો સંદર્ભ આપવામાં આવે ત્યારે તેવા મુદ્દાઓ આવી સંસ્થાઓને પણ લાગુ પડે છે.

3: જ્યારે કેટલા દેશોએ હસ્તાક્ષર કર્યા છે તેની કુલ ગણŽી કરવામાં આવશે ત્યારે આવી સંસ્થાઓની ગણŽી તેમાં કરવામાં આવશે નહીં.

૪: બેઠકો દરમ્યાન આવી સંસ્થાઓ મત આપી શકશે અને તેની અંતર્ગત જેટલા દેશો સામેલ હશે તેટલા મત તે આપી શકશે.જ્યારે આવા દેશોમાંથી કોઇ દેશ પોતાનો મત જાતે આપશે ત્યારે તેવા સંજોગોમાં આવી સંસ્થા તે દેશનો મત આપી શકશે નહીં.

## કલમ- ૪૫: અમલની શરુઆત - એન્ટ્રી ઇન ટુ ફોર્સ

૧: જ્યારે વીસમો દેશ બહાલી કે સંમતી આપે ત્યારે તેના 30મા દીવસે આ કરાર,કાયદાનું સ્વરુપ ધારણ કરશે.

૨: તે પછી જે દિવસે દેશ આ કરારનો સ્વીકાર કરે ત્યાર પછી 30મા દીવસે આ કરાર તે દેશ માટે કાયદાનું સ્વરુપ ધારણ કરશે.

## કલમ- ૪૬: આરક્ષણો

૧: 'દેશો' કેટલાક આરક્ષણો અપનાવી શકે છે. એનો અર્થ એવો થાય છે કે,આ કરારમાં દર્શાવેલી જવાબદારીઓમાંથી કોઇક જવાબદારીઓ તે દેશો ક્યારે સ્વીકારી શકશે તે કહી શકે અને તે પ્રમાણે હસ્તાક્ષર કરશે.

પરંતુ આવા આરક્ષણો,આ કરારના ઉદ્દેશ કે લક્ષ કે તેના ઇરાદાઓ સંબંધીત હોઇ શકશે નહીં.

૨: આવા આરક્ષણો ગમે ત્યારે પાછા ખેંચી શકાશે.

## કલમ- ૪૭: સુધારા વધારા (કરારમાં)

૧: કોઇ પણ દેશ સંયુક્ત રાષ્ટ્રના મહા સચીવને કરારમાં કોઇ પણ પ્રકારનો સુધારો કે વધારો કરવાનું સુચન કરી શકે છે.

ત્યાર બાદ મહા સચીવ આવા સુચીત બદલાવો અન્ય દેશોને મોકલશે.

જો ચાર મહીનાની અંદર ઓછામાં ઓછા એક તૃતીયાંસ દેશો આવા બદલાવને સ્વીકારવા માટે એક બેઠક બોલાવવાનું સુચન કરશે તો મહા સચીવ તે પ્રમાણે એક બેઠક બોલાવશે.

આવી બેઠકમાં હાજર હોય તેવા દેશોના  ઓછામાં ઓછા બે તૃતીયાંસ દેશો જો આવા બદલાવને સ્વીકારવા માટે મત આપશે તો તે સ્વીકારાશે. ત્યાર બાદ મહા સચીવ તે સુચનોને સંયુક્ત રાષ્ટ્ર મહા સભા સમક્ષ તેની સ્વીકૃતી માટે મુકશે.

૨: જ્યારે મહા સભા આવા બદલાવને મંજુરી આપે ત્યારે કુલ દેશના બે તૃતીયાંસ દેશો તેનો સ્વીકાર કરે તેના 30 દીવસ પછી તે કાયદાનું રુપ ધારણ કરશે.

તે પછી જ્યારે પણ કોઇ દેશ તે બદલાવનો સ્વીકાર કરે ત્યારે તે બદલાવ સ્વીકાર કર્યાના 30 દીવસ પછી તે દેશ માટે તે બદલાવ કાયદાનું રુપ ધારણ કરશે.

આવા બદલાવ માŽ એવા દેશો માટે જ કાયદો બનશે કે જે દેશો આવા બદલાવ સ્વીકારે છે.

૩: જો સુચીત બદલાવ,અહેવાલની કે સમિતિની બાબતમાં હશે તો કુલ દેશના બે તૃતીયાંસ દેશો તેનો સ્વીકાર કરે તેના 30 દીવસ પછી તે બધા જ દેશો માટે કાયદાનું રુપ ધારણ કરશે.આવા સંજોગોમાં તે માŽ આવા બદલાવનો સ્વીકાર કરનાર દેશ સુંધી સીમીત નહીં રહે.

## કલમ- ૪૮: ઇન્કાર

એક 'દેશ' આગળ ઉપર ભવિષ્યમાં પાછા વળીને કહી શકે છે કે તે આ કરાર સાથે હવે પછી સહમત થતો નથી. આમ કરવા માટે તેણે તેની જાણ લેખીતમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચીવને કરવાની રહેશે.તેના એક વર્ષ પછી તે અમલી બનશે.

## કલમ- ૪૯: ઉપલબ્ધ માળખું

આ કરાર બ્રેઇલ લીપી વિગેરે જેવા રુપમાં પણ બનાવવામાં આવશે કે જેથી લોકો તેને વાંચી અને સમજી શકે.

## કલમ- ૫0 : અધીકૃત દસ્તાવેજ કે લખાણ

આ કરાર એક સમાન રીતે અસલમાં અરબીક,ચાઇનીઝ, અંગ્રેજી,ફ્રેન્ચ, રશીયન તથા સ્પેનીશ ભાષાઓમાં બનાવવામાં આવશે.